## હજીરા AMNS કંપનીમાં લોખંડની કોઈલ ખોલતી વખતે ઇજા થતાં યુવકનું મોત

સુરતઃ હજીરા AMNS કંપનીમાં લોખંડની કોઈલ ખોલતી વખતે ઈજા જતા યુવકનું મોત નીપજ્યું હતું. હજીરા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની કમલેશ માધો ઠાકુર (43 વર્ષ) હાલ હજીરા ગામમાં રહેતો હતો. કમલેશ AMNS કંપનીમાં મજૂરીકામ કરતો હતો. મંગળવારે મધરાત્રે કમલેશ નોકરી પર હાજર હતો, ત્યારે તે લોખંડની કોઈલ ખોલવા જતો હતો તે દરમિયાન તેને છાતીના, પીઠના તેમજ જમણા પગના ભાગે ઈજા થઈ હતી. તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. નવી સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટર આરતી પરમારે જણાવ્યું હતું કે, કમલેશનું લીવર ફાટી ગયું હતું અને પેટમાં લોહી જામી ગયું હતું, જેને કારણે તેનું મોત થયું હોવાની શક્યતા છે. જો કે હાલ તેના સેમ્પલ લઈને આગળ મોકલવામાં આવ્યા છે. આ અંગે વધુ તપાસ હજીરા પોલીસ કરી રહી છે.

### આખરે મેયર પોતાના વિસ્તારમાં દબાણ-ટ્રાફિક સમસ્યા મુદ્દે મેદાનમાં ઊતર્યા: બેરિકેડમાં ફેરફાર કરાવ્યા

# કોર્પોરેટર જ દબાણ માટે ભલામણ કરે છે

**ધારાસભ્ય** કુમાર કાનાણીના ખુલ્લા પત્ર બાદ મેયર હરકતમાં આવ્યા

સુરતઃ છેલ્લા ઘણા સમયથી શહેરમાં દબાણોનું રાજકારણ ગરમાયું છે. વરાછા રોડ પર દબાણો મુદ્દે ધારાસભ્ય કુમાર કાનાણીના ખુલ્લા પત્ર બાદ હરકતમાં આવેલા મેયર દક્ષેશ માવાણી અને પોલીસ કમિશનર ગેહલોતે જાતે ઊભા રહી દબાણો સામે કાર્યવાહી કરી હતી. બાદ વિવિધ વિસ્તારોમાં દબાણ મુદ્દે મેયર આક્રમક રૂખ અપનાવે તેવી માંગ ઊઠી છે. જો કે, મેયર પોતાના હોમ ઝોન કતારગામ વિસ્તારમાં દબાણો મુદ્દે કેમ ચૂપ છે? તેવા સવાલો ઊઠ્યા છે, ત્યારે મંગળવારે મેયર દક્ષેશ માવાણીએ કતારગામ રોડ અને વસ્તાદેવડી રોડ પર રાઉન્ડ લઇ દબાણો તેમજ ટ્રાફિક સમસ્યા મુદ્દે જાત નિરીક્ષણ કર્યું હતું તેમજ જરૂરી સૂચનો કરી તાકીદે અમલ પણ કરાવ્યો હતો. દરમિયાન એવો ઘટસ્ફોટ પણ થયો હતો કે દબાણો મુદ્દે ફરિયાદો કરી રહેલા સ્થાનિક નગરસેવક જ દબાણકર્તાઓને છાવરવા માટે પોલીસને દબાણ કરી રહ્યા છે.

મેયરે જણાવ્યું હતું કે, વસ્તાદેવડી રોડ, કતારગામ મેઈન રોડ વગેરે વિસ્તારમાં આવેલી મોટી ડાયમંડ ફેક્ટરીઓમાં કામ કરવા માટે હજારો રત્નકલાકારો અન્ય વિસ્તારોમાંથી આવતા હોવાથી સવાર-સાંજ ટ્રાફિક જામની ગંભીર સ્થિતિ સર્જાઈ રહી છે. લોકોની હાલાકી ધ્યાનમાં લઈ મેયર દક્ષેશ માવાણી મંગળવારે ખુદ મેદાનમાં આ વિસ્તારોનો રાઉન્ડ લીધો હતો. સ્થળ મુલાકાત દરમિયાન મનપાના અધિકારીઓ પણ સાથે રહ્યા હતા. ટ્રાફિકનું ભારણ હળવું કરવા માટે મેયરના આદેશથી કેટલીક સંવેદનશીલ જગ્યાએ તરત જ બેરિકેડ ગોઠવી દેવામાં આવ્યાં હતાં.

મેયરે જણાવ્યું હતું કે, કાશાનગર વિસ્તારમાં આવેલી મોટી ડાયમંડ ફેક્ટરીમાં અંદાજે 20 હજાર જેટલા ટુ-વ્હીલરો પર રત્નકલાકારો કામ માટે આવે છે, જેના કારણે કતારગામ અનાથ આશ્રમથી ગજેરા સર્કલ સુધીનો માર્ગ સવાર અને સાંજના સમયે વાહનોથી છલકાઈ જાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કેટલાંક સર્કલ અને વળાંકો પર બેરિકેડ ન હોવાના કારણે વાહનચાલકો જ્યાં ગેપ દેખાય ત્યાંથી ટુ-વ્હીલર કાઢી લેતા હોય છે, જેના કારણે ટ્રાફિક અવ્યવસ્થિત બની જાય છે. આ ખામી દૂર કરવા માટે સ્થળ પર જ સૂચનાઓ આપી બેરિકેડ ગોઠવવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

### બરોડા પ્રિસ્ટેજમાં દબાણો રોકવા સીસીટીવીનો પહેરો: ચૌટા પુલમાં કાર્યવાહી માટે મુહૂર્તની રાહ જોવાય છે?

શહેરમાં લારી-ગલ્લા અને પાથરણાવાળાઓનાં દબાણો દૂર કર્યા બાદ પણ ગણતરીના કલાકોમાં ફરી દબાણ ઊભું થતું હોવાની ફરિયાદો સતત મળી રહી છે. શહેરીજનોને કાયમી રાહત મળે એ માટે સુરત મહાનગરપાલિકા હવે સતત દબાણ થતા વિસ્તારોમાં સીસીટીવી કેમેરા ગોઠવવાની વિચારણા કરી રહી છે. ખાસ કરીને મેયરે તાજેતરમાં જે જગ્યાએ દબાણો હટાવ્યાં તે વરાછા રોડ પર બરોડા પ્રિસ્ટેજની માર્કેટમાં દબાણો ફરીથી ન થઇ જાય તે માટે સીસીટીવી કેમેરા મૂકી તેને પોલીસ સ્ટેશનો અને કંટ્રોલ રૂમ સાથે સીધું જોડાણ આપી દીધું છે. જેનાં સકારાત્મક પરિણામ આવ્યાનો દાવો મેયર કરી રહ્યા છે. જો કે, આવાં જ દબાણો અને ટ્રાફિક સમસ્યાથી ઝઝૂમી રહેલા ચૌટા બજારમાં દબાણો સામે કાર્યવાહી કરવામાં પોલીસ બંદોબસ્તના નામે સૂચિત રીતે વિલંબ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ચૌટા બજાર માટે મુહૂર્તની રાહ જોવાઇ રહી હોવાનો કટાક્ષ લોકો કરી રહ્યા છે.

### પોલીસ પર દબાણકર્તાઓને દૂર નહીં કરવા કોર્પોરેટરનું દબાણ

કતારગામ ઝોનમાં દબાણ મુદ્દે રાજકીય ગરમાવો પણ ઊભો થયો છે. ત્યારે એવી માહિતી બહાર આવી છે કે, કતારગામ અનાથ આશ્રમની બહાર તેમજ અંબિકા નગર તરફ જતા માર્ગ પર લારીવાળાઓ દ્વારા ખાદ્યપદાર્થ અને શાકભાજીની લારીઓનું દબાણ કરવામાં આવે છે. સ્થાનિક રહીશોની ફરિયાદ બાદ થોડા દિવસ પહેલાં પોલીસે દબાણ દૂર કર્યું હતું, જેમાં કેટલાક દબાણકર્તાઓએ પોલીસ સાથે માથાકૂટ પણ કરી હતી. આમ છતાં સ્થાનિક કોર્પોરેટર દ્વારા લારીગલ્લાવાળાઓ સામે કાર્યવાહી ન કરવા માટે પોલીસને ભલામણ કરવામાં આવી હોવાનો આક્ષેપ થયો છે.

### બોલો હવે આમાં ટેમ્પોની ક્યાં જરૂર પડે?



■ ટ્રાફિકનો કાયદો એવો છે કે ટુ વ્હીલર પર માત્ર બે વ્યક્તિ જ બેસી શકે ત્રિપલ સીટમાં બાળક હોય તો પણ પોલીસ પાસે દંડ વસૂલવાની સત્તા છે પરંતુ માનવતાના ધોરણે પોલીસ આંખ આડા કાન કરે છે. આ વાહન પર માલસામાન તો લઇ જવાની સ્પષ્ટ મનાઇ છે. જો સુરતમાં કેટલાક લોકો જે રીતે વાહનો પર સામાન ભરીને જાય છે તે જોતા એવું જ લાગે છે કે બીજારા ટેમ્પા ચાલકોને રોજી રોટી ક્યાંથી મળે? **(તસવીર : સતીષ જાદવ)**

### ઇજારદારની લેખિતમાં ખાતરીથી લોકાર્પણની તારીખ પણ નક્કી કરી દેવાઈ

# ‘તમને શહેરીજનોની પડી નથી?’ મેયરે અધિકારી-ઈજારદારનો ઉધડો લીધો

**કતારગામ** ગજેરા સર્કલ અને એ.કે.રોડને વરાછા બ્રિજ સાથે જોડતા રેમ્પમાં વિલંબ મુદ્દે શાસકોની ધીરજનો અંત આવ્યો

**7મી** જાન્યુઆરી સુધીમાં નહીં થાય તો કાર્યવાહીની ચીમકી

સુરતઃ કતારગામના ગજેરા સર્કલ પાસે બની રહેલા ફલાયઓવર બ્રિજની કામગીરી મંદગતિએ ચાલતાં શહેરીજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આજે મેયર દક્ષેશ માવાણીએ અત્યંત આક્રમક વલણ અપનાવી બ્રિજ સેલ અને કોન્ટ્રાકટર રચના કન્સ્ટ્રકશનનો આકરા શબ્દોમાં ઉધડો લીધો હતો. બ્રિજ સેલના અધિકારીઓને તો ઓફિસમાં બેસવાનું ઓછું કરી ફિલ્ડમાં જવાનું રાખો તેવી ટકોર પણ કરી દીધી હતી.

થોડા દિવસો પહેલા મેયર દક્ષેશ માવાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલી સંકલન બેઠકમાં કોન્ટ્રાકટરે 15 ડિસેમ્બર સુધીમાં આ બ્રિજમાં કાસાનગરથી લંકા વિજય ઓવારા તરફ જતો એકતરફી રેમ્પ પૂર્ણ કરવાની લેખિત બાંહેધરી આપી હતી. તેથી મેયરે લોકાપર્ણની તારીખ પણ જાહેર કરી દીધી હતી. જોકે, હજુ પણ રેમ્પની કામગીરી અધૂરી જ હોવાથી મેયર દક્ષેશ માવાણીએ બ્રિજ સેલના કાર્યપાલક ઈજનેર જયરામ રામજીવાલા તથા બ્રિજની કામગીરી કરતી એજન્સી રચના કન્સ્ટ્રકશનનાના પ્રતિનિધિને રૂબરૂ બોલાવી ખુલાસો માંગ્યો હતો. જેમાં અધિકારી તરફથી ગોળગોળ જવાબ મળતાં મેયર ભડકી ઉઠ્યા હતા. તેમણે કડક શબ્દોમાં કહ્યું હતું કે, “તમને શહેરીજનોની કોઈ પડી નથી. લોકો હેરાન થાય છે તેમાં તમને આનંદ મળતો હોય એવું લાગે છે.” વિલંબ છતાં કોન્ટ્રાકટર સામે કોઈ કાર્યવાહી કેમ થતી નથી? શું કોન્ટ્રાકટર તમારા સગાં છે કે તેમને છાવરવામાં આવી રહ્યા છે? તેમજ હવે 7 જાન્યુઆરી સુધીમાં રેમ્પનું કામ પુરૂં ન થાય તો શિક્ષાત્મક કાર્યવાહીની ચીમકી પણ ઈજારદારને આપી હતી. આ ઉપરાંત મેયરે વરાછા મેઈન રોડ પરના ફલાયઓવર બ્રિજને જોડતા વલ્લભાચાર્ય ચોક પાસેના રેમ્પની કામગીરીનો પણ રિવ્યૂ કર્યો હતો. જેમાં કોન્ટ્રાકટરે 15 ફેબ્રુ.સુધીમાં કામ પૂર્ણ કરવાની ખાતરી આપી હતી.

## ક્રાઈમ સમાચાર

### સરથાણા જકાતનાકામાં દીવાબત્તી કરતી વખતે દાઝી જતાં વૃદ્ધાનું મોત

સુરતઃ સરથાણા જકાતનાકામાં દીવાબત્તી કરતી વખતે દાઝી જતા વૃદ્ધાનું મોત થયું હતું. મૂળ અમરેલી જિલ્લાના વતની કસ્તુરબેન બાવચંદ ડાવરા (82 વર્ષ) હાલ સરથાણા જકાતનાકા વિસ્તારમાં આવેલ શાંતિવન સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા. 9મી ડિસેમ્બરના રોજ સવારે તેઓ ઘરમાં દીવાની ઝાળથી દાઝી ગયા હતા. જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સોમવારે સાંજે તેમનું મોત થયું હતું.

### ઉધનામાં બ્રેસ્ટ કેન્સરથી પીડિત મહિલાનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ ઉધનામાં બ્રેસ્ટ કેન્સરથી કંટાળીને મહિલાએ ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના વતની, સંદીપભાઈ બોડસે હાલ ઉધના કૈલાસનગરમાં 40 વર્ષીય પત્ની કવિતા તેમજ બે સંતાન સાથે રહે છે. સંદીપભાઈ ખાનગી કંપનીમાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. તેની પત્ની કવિતાને બ્રેસ્ટ કેન્સર થયું હતું, જેની દવા પણ ચાલુ હતી. આ બીમારીથી કંટાળીને કવિતાએ મોડી રાત્રે ઘરના પંખાના હુક સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

### ઉત્રાણમાં ઘરકંકાસમાં મહિલાએ ઝેર પીધું

સુરતઃ ઉત્રાણમાં ઘર કંકાસમાં મહિલાએ ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગર પાલીતાણાના વતની મનીષભાઈ ભાટી હાલ ઉત્રાણ ઉમરાગામ પોલીસ ચોકી પાસે આવેલી શિવપાર્ક સોસાયટીમાં પત્ની ગીતા (30 વર્ષ) તેમજ બે સંતાન સાથે રહે છે અને વેફરની કંપનીમાં સેલ્સમેન છે. સોમવારે તેમનો પત્ની સાથે ઝગડો થયો હતો જેથી તેમની પત્નીએ ઝેર ગટગટાવી આપઘાત કરી લીધો હતો.

### વર્ષ 2025-26ના રીવાઇઝ અને 2026-27ના ડ્રાફ્ટ બજેટનો ધમધમાટ શરૂ

# મનપાના બજેટને ‘SIR’ નડ્યું, ડેટા એન્ટ્રીની ત્રીજી વખત મુદત વધી

**ચૂંટણીનું** વર્ષ હોવાથી કરના દરોમાં વધારો નહીં થાય: લોકપ્રિય થાય તેવી જાહેરાતોનો સમાવેશ કરવા કવાયત

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં વર્ષ 2025-26ના ચાલુ વર્ષનું રિવાઈઝ્ડ બજેટ તેમજ 2026-27ના નાણાંકીય વર્ષનું ડ્રાફ્ટ બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા જોરશોરમાં શરૂ કરી દેવામાં આવી છે. આગામી નાણાંકીય વર્ષમાં પાલિકાની ચૂંટણી હોવાના કારણે બજેટનું કદ કેટલું મોટું રહેશે તેને લઈ મનપાના રાજકીય અને વહીવટી વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની છે. ગત વર્ષે વહીવટી તંત્ર અને શાસક પક્ષ દ્વારા સંયુક્ત રીતે 10 હજાર કરોડ રૂપિયાનું જમ્બો બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. હવે ચૂંટણી પૂર્વેના વર્ષમાં રજૂ થનારા બજેટમાં વિકાસકામો માટે વધુ ફાળવણી થશે કે નહીં? બજેટની કુલ રકમ ક્યાં સુધી પહોંચશે? તે અંગે અનેક અટકળો ચાલી રહી છે. આ પરિસ્થિતિમાં બજેટની રૂપરેખા તૈયાર કરવા માટે વહીવટી તંત્ર દ્વારા બેઠકોનો દૌર શરૂ કરી દેવાયો છે. જોકે, હાલ પાલિકાના મોટાભાગના ઝોન અને વિભાગનો સ્ટાફ એસઆઈઆર કામગીરી અને બીએલઓ ફરજમાં વ્યસ્ત હોવાથી બજેટ માટે જરૂરી ડેટા એન્ટ્રી સમયસર થઈ શકી નથી.હાલના તબક્કે બજેટ માટેની ડેટા એન્ટ્રીનું માત્ર 50 ટકા જેટલું કામ જ પૂર્ણ થયું છે.

### બજેટ: પ્રથમવાર ઓલટાઈમ હાઈ 210 સૂચન આવ્યાં

બજેટ તૈયાર કરવાની પ્રથમ કડી તરીકે પાલિકાએ શહેરીજનો પાસેથી સૂચનો મંગાવ્યા હતા. પાલિકાની વેબસાઇટ પર બજેટના સૂચનો માટે અલાયદો વિકલ્પ મૂકવામાં આવ્યો હતો. જો કે, અંદાજે 85 લાખની વસ્તી ધરાવતા સુરત શહેરમાંથી માત્ર 210 જેટલા સૂચનો જ પ્રાપ્ત થયા છે. પ્રાપ્ત થયેલા સૂચનોમાં પણ બજેટ માટેના નીતિગત કે વિકાસલક્ષી મુદ્દાઓ કરતા ‘કચરાગાડી આવતી નથી, રસ્તો બન્યો નથી’ જેવી રોજિંદી ફરિયાદો વધુ જોવા મળી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ, દર વર્ષે સરેરાશ ‘50થી 100’ સૂચનો મળતા હતા, જ્યારે આ વર્ષે સંખ્યા પહેલી વખત વધીને 200ને પાર પહોંચી છે.

## શિક્ષકોના 2014થી મેડિકલ રિએમ્બર્સમેન્ટનો નિકાલ

**11** વર્ષ જુના કેસો પણ ઉકેલાયા, શિક્ષકો અને પરિવારજનોને મોટી રાહત

સુરતઃ સુરત શહેર અને જિલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના મેડિકલ રિએમ્બર્સમેન્ટ તથા અન્ય મળવાપાત્ર આર્થિક લાભોના વર્ષોથી પડતર કેસોને લઈને લાંબા સમયથી શિક્ષક વર્ગમાં અસંતોષ અને રાહ જોવાની સ્થિતિ સર્જાઇ હતી. પરંતુ સુરત જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારના પ્રયત્નોથી વર્ષ 2014થી પેન્ડીંગ રહેલા અનેક જૂના કેસોનો પણ સફળ નિકાલ થતાં શિક્ષકો અને તેમના પરિવારજનોને મોટી રાહત મળી છે.

વહીવટી અડચણો, ફાઈલ ગુમ થવી, દસ્તાવેજોની અછત તથા સમયમર્યાદા વટાવી ગયેલા ચેક જેવા કારણોસર અટવાયેલા મેડિકલ રિએમ્બર્સમેન્ટ, રજા રોકડ રૂપાંતર, પગાર તફાવત, એલ.ટી.સી., બોનસ અને મોંઘવારી તફાવતના કેસો અંગે જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ ગંભીર સ્થિતિ રજૂ થઇ હતી. વર્ષ 2014થી 2022 દરમિયાન વિવિધ કારણોસર અટવાયેલા અનેક મેડિકલ રિએમ્બર્સમેન્ટ તથા અન્ય આર્થિક લાભોના તમામ પેન્ડીંગ બિલોનો નિકાલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

જિલ્લા શિક્ષણાધિકારીએ સ્પષ્ટ આદેશ આપ્યો છે કે હજુ પણ જો કોઈ શાળામાં જૂના, ગુમ થયેલા કે ચેક સંબંધિત પડતર કેસો બાકી હોય, તો તેની સંપૂર્ણ વિગતો, દસ્તાવેજો સાથે 15 દિવસની અંદર રૂબરૂ રજૂ કરવી ફરજિયાત રહેશે.

# 53 કરોડના સાયબર ફ્રોડમાં બે ઝડપાયા

**સુરત** સાયબર ક્રાઈમ સેલે રાષ્ટ્રીય સ્તરની ઠગાઈનો પર્દાફાશ કર્યો

**પકડાયેલા** બંને આરોપી બે દિવસનાં રિમાન્ડ પર



સુરત : સુરત શહેરમાં શેરમાર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટના નામે 53 કરોડથી વધુની ઠગાઈ કરનાર સાયબર ગેંગનો સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે પર્દાફાશ કર્યો છે. “LKP3 Consalation Camp” નામની એપ્લિકેશન તથા વોટ્સએપ ગ્રુપ મારફતે લોકો પાસેથી રોકાણ કરાવીને રકમ ગબન કરાતી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

આ ઠગાઈની મળતી માહિતી અનુસાર તારીખ 5 ડિસેમ્બરથી ઠગ ટોળકીએ અલગ-અલગ ઈન્ટરનેશનલ તથા લોકલ મોબાઈલ નંબર પરથી લોકોનો સંપર્ક કરવાનું શરુ કર્યું હતું.

શેર માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાથી મોટું અને ઝડપથી વળતર મળશે તેવી લોભામણી વાતો કરી ઠગોએ તેમની વાતોમાં આવી ગયેલા રોકાણકારો પાસે “LKP3 Consalation Camp” નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. શરૂઆતમાં ટૂંકાગાળામાં વધુ નફો આપ્યો હતો જે રકમો ખૂબ જ નાની હતી. આ ઠગ ટોળકના ભોગ બનેલા એક રોકાણકારે પોલીસ ફરિયાદ કરી હતી. તેની પાસેથી કુલ 30,00,000 જેટલી રકમ ટ્રાન્સફર કરાવવામાં આવી હતી. બાદમાં જ્યારે ફરીયાદીએ રોકાણ કરેલી રકમ વિથડ્રૉલ કરવાની માંગ કરી ત્યારે આરોપીઓએ “અમારા વકીલ મારફતે તમને નોટિસ મોકલવામાં આવશે, કરાર ભંગના ગુનામાં સજા થશે અને ભવિષ્યમાં શેર માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટ નહીં કરી શકો” તેવી ધમકીઓ આપી વધુ રૂપિયા ભરવા દબાણ કર્યું હતું.

### સાયબર ઠગોની કરમ કુંડળી

**નામ :** ધર્મેશકુમાર પ્રેમજીભાઈ ચોપડા
**ઉંમર:** 34 વર્ષ
**કામ :** મજૂરી (છેતરપિંડી)
**સરનામું :** બોમ્બે માર્કેટ પાસે, સુરત
**મૂળ રહેવાસી:** ભાવનગર

**નામ :** હિતેશકુમાર ભાયાભાઈ શ્યામજિભાઈ ચકલાસિયા
**ઉંમર:** 33 વર્ષ
**કામ :** મજૂરી (છેતરપિંડી)
**સરનામું :** કામરેજ, સુરત
**મૂળ રહેવાસી:** નાના સુરુકા, જિ. ભાવનગર

### યશ બેંકનું એકાઉન્ટ ભાડે અપાયું હતું

તપાસમાં ખુલ્યું છે કે “KRISHNA FASHION” નામના યેસ બેંક એકાઉન્ટનો ઉપયોગ આ ગુનામાં કરવામાં આવ્યો હતો. આરોપી ધર્મેશ ચોપડાના નામે રહેલા એકાઉન્ટમાં ફરીયાદી દ્વારા રૂ. 20,00,000 ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. આ એકાઉન્ટ સહઆરોપી હિતેશ ચકલાસિયાને કમિશનથી ભાડે આપવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે.

### કબજે કરાયેલી ચીજવસ્તુ

- મોબાઇલ ફોન - 4
- અલગ-અલગ બેંકના ડેબિટ કાર્ડ - 5
- ચેકબુક - 7
- સીમકાર્ડ - 5
- રબર સ્ટેમ્પ - 3
- QR કોડ - 2
- રોકડા રૂપિયા - રૂ. 1,35,000
- બેંક એકાઉન્ટ ઓપનિંગ ફોર્મ - 2
- ભાડા કરાર - 1
- પેન ડ્રાઇવ - 2

### દેશભરમાં 57 ફરિયાદ નોંધાઇ છે

NCCRP (National Cyber Crime Reporting Portal) પર તપાસ કરતા જાણવા મળ્યું છે કે આરોપીઓ સામે દેશના વિવિધ રાજ્યોમાંથી કુલ 57 ફરિયાદો નોંધાયેલી છે. આ ફરિયાદોમાં અંદાજે રૂ. 53,09,30,870 જેટલી રકમની છેતરપિંડી થયેલી હોવાનું સામે આવ્યું છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, ગુજરાત, આંધ્ર પ્રદેશ, કેરળ, તેલંગાણા સહિતના રાજ્યોમાંથી ફરિયાદો નોંધાયેલી છે.

### OTP વિદેશી આરોપીઓના ફોનમાં ઓટો રિડાયરેક્ટ થઈ જાય છે

પકડાયેલા આરોપીઓના મોબાઇલમાંથી sms-receiver (2).apk નામની ચાઇનીઝ એપ્લિકેશન મળી આવી છે. આ એપ્લિકેશન મારફતે બેંકમાં નોંધાયેલા મોબાઇલ નંબર પર આવતી OTP વિદેશમાં બેઠેલા આરોપીઓ સુધી ઓટો રીડાયરેક્ટ થઈ જતી હતી, જેના આધારે વિવિધ બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવતા હતાં.

## સંક્ષિપ્ત સમાચાર

### ભામાશા વિજય ભરવાડના અધ્યક્ષસ્થાને ઝીરો ડાઉન પેમેન્ટ પર સમાજના યુવાનોને 111 JCBનું વિતરણ



સુરતઃ ભરવાડ સમાજ દ્વારા રોજગારલક્ષી એક અનોખા અને પ્રેરણાદાયક કાર્યક્રમcex ઝીરો ડાઉન પેમેન્ટ પર કુલ 111 JCB મશીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સમાજના ભામાશા સમાન વિજયભાઈ ભરવાડના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં શ્રીશ્રી 1008 મહામંડલેશ્વર રામ બાપુ, આગેવાનો અરજણભાઈ બાંભવા, જયેશભાઈ બાંભવા, લક્ષ્મણભાઈ બોલીયા સહિત અનેક અગ્રણીઓ અને સમાજના યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે વિજયભાઈ ભરવાડે જણાવ્યું હતું કે, “યુવાનોને ઓછા ખર્ચે સાધન મળી રહે અને તેઓ સરળતાથી પોતાનો વ્યવસાય શરૂ કરી શકે તે માટે આ રાહત અપાઈ છે.” આ યોજનાની સૌથી મોટી ખાસિયત ઝીરો ડાઉન પેમેન્ટ છે, જેના કારણે યુવાનોને શરૂઆતમાં કોઈ આર્થિક ભાર પડતો નથી. ઉપરાંત, 15 વર્ષનો ટેક્સ લાભ, ઝીરો ડેફ તથા ઝીરો ડેપ્રિસિયેશન જેવી વધારાની રાહતો પણ આપવામાં આવી છે.

### પ્રેસિડન્સી સ્કૂલમાં માતૃ-પિતૃ વંદના સમારોહ યોજાયો




સુરત : ન્યુ રાંદેર રોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલમાં માતૃ-પિતૃ વંદના (વાલીદિન) સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 1,100 જેટલા વાલીઓની ઉત્સાહભરી હાજરી રહી હતી. વિદ્યાર્થીઓએ વાલીઓને તિલક કરીને આવકાર આપ્યો હતો. કાર્યક્રમમાં શિક્ષકો દ્વારા પ્રાર્થના, નાટક, ગરબા, રાસ, મોનો એક્ટિંગ તથા દેશભક્તિ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે જય જવાન નાગરિક સમિતિના સ્થાપક કાનજીભાઈ ભાલાળા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શહીદ પરિવારોની સહાય માટે રૂપિયા 51,000નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

### સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના ૧૧૫મા સ્થાપના દિવસ નિમિત્તે વૃક્ષારોપણ દ્વારા ઉજવણી



સુરતઃ સેન્ટ્રલ ઓફિસના માર્ગદર્શન અને સુરતના પ્રાદેશિક વડા મનીષ વર્માના માર્ગદર્શન હેઠળ, બેંકના ૧૧૫મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગ રૂપે, આજે સવારે ૭:૦૦ વાગ્યે પાલ લેક ગાર્ડન્સ, પાલ રોડ, સુરત ખાતે વૃક્ષારોપણ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાદેશિક કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ, નજીકની શાખાઓના શાખા વડાઓ અને કર્મચારીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, પ્રાદેશિક કચેરી ઉપરાંત, વલસાડ શાખા, અમલસાડ શાખા, નવસારી શાખા અને ભરૂચ શાખામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કુલ ૧૧૫ વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

### કેએસકેપી વિદ્યાલયના શિક્ષકની પ્રદેશ કક્ષાએ ભજન સ્પર્ધામાં સિદ્ધિ



સુરતઃ ઉત્તર ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, ભટાર સંચાલિત કે.એસ.કે.પી. માધ્યમિક અને ઉચ્ચ. મા. વિદ્યાલયના શિક્ષક કરણભાઈ એ. ગોહિલે દક્ષિણ ગુજરાત પ્રદેશ કક્ષાની યુવા ઉત્સવ 2025-26 અંતર્ગત યોજાયેલી ભજન (ખુલ્લો વિભાગ) સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી રાજય કક્ષાએ પસંદગી મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. જેનું આયોજન મૌની ઈન્ટરનેશનલ સ્કૂલ ઉત્રાણ ખાતે થયું હતું. મની આ ઉજ્જવળ સિદ્ધી બદલ શાળાના પ્રમુખ પી. બી.પટેલ, મંત્રી કે. એન.પટેલ શિ.સ. કન્વીનર ચેલાભાઈ એસ.પટેલ અને સમગ્ર ટ્રસ્ટીઓ, હોદ્દેદારઓ તથા આચાર્યા રેશ્મા પટેલ, શિક્ષકગણ તથા શાળા પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

### અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચીની ક્રિકેટ સ્પર્ધા



સુરત : અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી જ્ઞાતિ મંડળ, સુરત દ્વારા આયોજિત નવમી ક્રિકેટ ટુર્નામેન્ટ 2025 આ ટુર્નામેન્ટમાં 15 ટીમોએ ભાગ લીધો હતો. એમાં ફાઇનલમાં MAVERICK vs WHITE LINERS વચ્ચે એક જંગ જામ્યો હતો,એમાં MAVERICK ટીમ વિજેતા બની હતી, અને WHITE LINERS રનર્સઅપ બન્યું હતું .આ પ્રસંગે ધારાસભ્ય પૂર્ણેશ મોદી, મનપાના દંડક ધર્મેશ વાણીયાવાલા, ગટર સમિતિનાં ચેરમેન કેયૂર ચપટવાલા, સિનિયર એડ્વોકેટ ટર્મિશ કણીયા અને અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી જ્ઞાતિ મંડળ સુરતનાં પ્રમુખ ચંદ્રેશભાઇ મોદી તેમજ કમિટી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન સ્પોર્ટ્સ કમિટી દ્વારા કરવામા આવ્યું હતું.

### એસ. આર. લુથરા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાં રક્તદાન શિબિર યોજાઈ



સુરતઃ સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત અને સાર્વજનિક યુનિવર્સિટીની ઘટક સંસ્થા એસ. આર. લુથરા ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં એચ.ડી. એફ.સી બેંકના સહયોગથી અને સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરની મદદથી સતત અગિયારમી વખત રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ડિરેક્ટર ડો.જીમી એમ. કાપડિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ શિબિરમાં કોલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ તેમના મિત્રો-સંબંધીઓએ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. શિબિરમાં કુલ ૯૧ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યુ હતુ.

### સચિન GIDCમાં સેમિનાર યોજાયો



સુરતઃ સચીન નોટિફાઈડ એરીયા ઓથોરિટી અને સચીન ઇન્ડસ્ટ્રિયલ એસો. ના સહયોગથી સચીન ઈન્ફ્રા. એનવાયરોમેન્ટ લી. દ્વારા આયોજિત સેમિનારમાં ડો. ધવલભાઈ વારગીયા દ્વારા મિશન લાઈફ (પર્યાવરણ માટે જીવનશૈલી) થીમ આધારિત મુખ્ય ક્ષેત્રો જેમ કે ઊર્જા સંરક્ષણ, પાણી સંરક્ષણ, કચરો વ્યવસ્થાપન, ટકાઉ ખાદ્ય પદ્ધતિઓ (જેમ કે મિલેટ આધારિત આહાર), સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઘટાડો, ઈ-વેસ્ટનો ઘટાડો બાબતે વિસ્તૃત ચર્ચા કરી જરૂરી સમજ આપી ઉદ્યોગકારોને જાગૃત કરવામાં આવ્યા છે. ડો. પારૂલબેન દ્વારા સ્વસ્થ જીવનશૈલી અપનાવવા ઉદ્યોગકારોને માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સચીન ઈન્ડ.કો.ઓ.સોસાયટીના સેક્રેટરી મયુરભાઈ ગોળવાલા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા Yoga/Gym કરવા ઉદ્યોગકારોને જાણકારી આપી હતી. જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ આયોજીત આ કાર્યક્રમમાં સચીન ઈન્ડ.કો.ઓ.સોસા.ના સેક્રેટરી મયુરભાઈ ગોળવાલા, ઉપપ્રમુખ નિલેશભાઈ ગામી, ડિરેક્ટર ભીખુભાઈ નાકરાણી, ગૌરાંગભાઈ ચપટવાલા , ઈન્ડસ્ટ્રીઝના માલિકો તથા અન્ય પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.